# NABLની સાથે સારી રીતે સમજાવતી લેબોરેટરીમાં જ ટેસ્ટ કરાવવો




(NABL લેબોરેટરીમાં જ ટેસ્ટ કરાવવો જોઈએ?)

(બધી જ NABL લેબોરેટરીના રીપોર્ટ ખરેખર સાચા હોય છે?) (શું NABL લેબોરેટરી હોવી જ જોઈએ?)

(NABLનું રજીસ્ટર ટ્રેડમાર્ક હોય તો જ લેબોરેટરી હોય છે)

ડાહ્યાભાઈ, આજે રવિવાર હતો. બપોરે દાળ-ઢોકળી અને ભાત ખાઈને પરવારીને હિંચકા ઉપર બેઠા છે. અચાનક ગાંડાભાઈને મળવાની તલપ લાગી. લેંગો અને શર્ટ પહેરેલું હતું. કંઈ પણ ભાન રાખ્યા વગર સીધા જ ગાંડાભાઈને ત્યાં પહોંચી ગયા. ગાંડાભાઈને જોઈને ડાહ્યાભાઈ એકદમ ઉછળી પડ્યા. ગાંડાભાઈએ એવું જ વર્તન કર્યું. અલ્યા ડાહ્યા, આમ બાર નીકળતા ભાન તો રાખ. તારા લેંગાનું નાડું લબડે છે. અંદર નાખ ભારત કરતાં ગુજરાત મોટું એવા ના કર. આવો ડાહ્યાભાી આપણે હીંચકા પર બેસીએ. ગાંડાભાઈએ વાત શરૂ કરી. ગયા અઠવાડિયે ડાહ્યાભાઈ તમે NABL લેબમાં જઈને ટેસ્ટ કરાવો એવું કહ્યું હતું. જો ડાહ્યાભાઈ આજે અડદની દાળ, રોટલો, ઘી અને ગોળ ખાધેલા છે એટલે જરા મેણે ચડેલો છે. એટલે હળવી ભાષામાં વાત કરજો. તમારી શિક્ષકની ભાષામાં ના બોલતા ની તો હું ઊંઘી જઈશ. હા... હા.... આ બધુ તો બરાબર છે. પણ તારો પ્રશ્ન શું છે. એ તો કહે... ડાહ્યાભાઈ તમે ગયા રવિવારે મને NABL લેબોરેટરીમાં ટેસ્ટની ગુણવત્તા સારી હોય છે અને સાચા જ રીપોર્ટ આવે છે અને સારા એટલા માટે હોય છે કે તેમના મશીનની કાળજી લેતા હોય છે. તેમાં વપરાતી કીટની બરાબર માવજત કરતા હોય છે. કીટને બરાબર સાચવીને ફ્રીજમાં અથવા તો જરૂર પડે તો ડીપાફ્રેજમાં રાખી, કેમિકલ કીટને સાવચતાં હોય છે. એટલે ક્વૉલિટી માટે અને સાચા રીપોર્ટ માટે તમે જાગૃત હોય છે. પણ આ બધું સાચું આવું ધ્યાન બતાવે છે. જે ભૂખ્યા પેટે જ લેવાનું હોય. NABL લેબેરેટરી આ વાત પકડી રાખે છે. NABL ન હોય એવી લેબેરોટલી આવું સાચવતી હશે.

NABL વાળાને તો ફરજિયાત આ સાચવવું પડે કે આવનાર માણસ અથવા દર્દી ભૂખ્યા પેટે છે ને હોય તો તેને પાછો મોકલી દેવામાં આવે છે. કારણ કે NABL નું ઓડિટ આવે ત્યારે આ વસ્તુ પણ ઓડિટમાં આવેલા એસેસટ ખાત જોતા હોય છે. બીજો દાખલો ગળફાનો ટેસ્ટ ગફળા માટે સામાન્ય રીતે સવારે બ્રશ કર્યા પહેલા લેવાનો હોય છે તો રિપોર્ટ બરાબર આવે. ગમે ત્યારે ગફળો લીધો તો ટેસ્ટનું રિઝલ્ટ બરાબર આવતું નથી. એવી જ રીતે પેશાબ એટલે યુરીનનો ટેસ્ટ સવારનું જ લેવું જોઈએ. એટલે રિસેપ્સન પર આવી નાનની બાબતો જોવી જોઈએ. તમારો રિસેપ્શન એરિયા ચોખ્ખો અને સેનીટાઈઝર, રીસેપ્શન ટેબલ તથા બાથરુમ આગળ સેનીટાઈઝર રાખવું જ પડે. ગ્લોબ્ઝ પહેરીને લોહી લેવું જોઈએ.

દર્દીને દુઃખે નહીં માટે પહેલા સોરી કહીને જ બ્લડ લેવું જોઈએ. જે નીડલની લોહી લેવામાં આવે તે નવી જ અને ડિસ્પોઝેબલ હોવી જોઈએ. જેમાં લેબોરેટરીવાળા લોહી નાખે છે તેની ઉપર નામ અને નંબરના બારકોડ હોવા જોઈએ. એ સિવાય ઘણી બધી શરતો છે. જે NABL લેબોરેટરીએ સાચવવી પડે. અલ્યા, ડાહ્યા, આવું તો જેને NABL નથી એ લોકો પણ કરતાં હોય છે. હા, ગાંડા તારી વાત સાચી છે. બધી જ NABL વગરની લેબોરેટરી ખરાબ નથી હોતી, પણ તેના ઉપર કોઈ કંટ્રોલ નથી હોતો એટલે બધા જ સેમ્પલ પર ધ્યાન રાખતા પણ હોય અને ના પણ રાખતા હોય... પણ NABL વાળા તો ધ્યાન રાખતા હોય છે. પણ ડાહ્યા એવું ના બને કે એક વખત NABLનો માર્કો મળી ગયા પછી ધુપ્પલ ચલાવતા હોય, હા, ગાંડા તારી વાત સાચી છે. કોઈક કોઈક




NABL લેબોરેટરીવાળા જ રાખતા હોય છે. જે લેબોરેટરીમાં NABL સર્ટી નથી હોતું એ લોકો શું આવું ધ્યાન નથી રાખતા ? ગાંડાભાઈ તમે ખૂબ જ મહત્ત્વનો અને જરૂરી પ્રશ્ન પૂછ્યો છે. NABL બહુ ખર્ચાળ વસ્તુ છે. લેબેરોટરીએ જે પેરામીટર NABL ના સ્કોપમાં લીધેલા હોય તે બધાનું ધ્યાન બરાબર રાખતા હોય છે.

એટલે ગાંડાભાઈથી રહેવાયું નહીં એનો અર્થ એવો થાય જે પેરામીટર સ્કોપમાં ના હોય એ પેરામીટરમાં લેબોરેટરી ધ્યાન આપતી નથી? ના, ગાંડાભાઈ એવું નથી, લેબેરેટરીએ ખર્ચ ઓછા થાય એટલા માટે કદાચ સ્કોપમાં ઓછા પેરામીટર બતાવ્યા હોય પણ લેબોરેટરીની માનસિકતા NABL ની જ છે.

લેબોરેટરી ચલાવવા માટે NABL લેવું જરૂરી નથી છતાં પણ જે લેબોરેટરી NABL માટે પોતાની મરજીથી NABL કરાવે છે તે લેબોરેટરીવાળાઓની માનસિકતા સાચા રિપોર્ટ આપવાની છે. NABL કહેવું બહું સહેલું છે એ બહુ ખર્ચાળ તો છે જ એ એમના નફામાંથી પૈસા ઓછા કરે છે. NABL લેવું એટલે બહુ જ કંટાળાજનક વસ્તુ છે. જે સ્કોપમાં NABL લીધેલું હોય તેના રોજના રિપોર્ટ મેઈટેઈન કરવા પડતા હોય છે. સામાન્ય રીતે એવું હોય ગાંડાભાઈ કે NABL ટેસ્ટ તો ધ્યાન રાખવાની હોય છે. કોઈ પણ દર્દી અથવા તો સાજો માણસ ટેસ્ટ કરાવવા આવે ત્યારે પહેલા એનો સારો આવકાર આપવો. ડૉકટરની લખેલી ચિઠ્ઠી અથવા રીકવીજેશન ફોર્મ ડૉકટર તરફથી ભરાયેલું છે કે નહીં તે જોવાનું, ટેસ્ટ કરવા આવેલા વ્યક્તિને સમજણ આપવાની કે આ ટેસ્ટ શેના માટે છે, ધારો કે ડાયાબિટીસ માટે જો દર્દી ટેસ્ટ કરાવવા આવ્યો હોય તો તેને પૂછવાનું કે ખાલી પેટ આવ્યો છે કે જમીને આવ્યો છો. જે ભૂખ્યા પેટે ટેસ્ટ થાય તેને ફાસ્ટીગ બ્લડ સુગર એટલે FBS કહે છે. જમ્યા પછી બરાબર બે કલાકે આવે તેને PPBS કહેવાય છે. એવી જરીતે લીપીટ પ્રોફાઈલ ક ેકોલેસ્ટ્રોલ અને કોલેસ્ટ્રેરોલના પ્રકાર મોટી લેબોરેટરી જેમાં બહુ વધારે કામ હોય એ લોકો NABLના કાયદા બરાબર ન સાવચતા હોય એવું બને. NABLનો ઉપયોગ ખાલી ધંધો વધારવા માટે કરતા હોય તેવો ટૂંકા રસ્તા કયારેક ભારે પડે છે.

ઘણી વખત દર્દીઓ તથા પોતાના ડેટા પણ આપતા નથી એવા લોકોને NABL લેબોરેટરીમાં જવાનો કંટાળો આવતો હોય અને ઘણી વખત NABL લેબોરેટરીવાળા પણ ખોટું કરતા હોય છે. કારણ કે એમની નજર ધંધા પર હોય છે. NABL હોય અથવા NABL ન હોવું એના કરતા લેબોરેટરીવાળાની માનસિકતા જરૂરી છે. જે લોકો સારો રિપોર્ટ આપવો એવી માનસિકતાવાળા છે. NABL ના હોય તો રિપોર્ટ સારો આપતા હોય છે.

NABL સિવાયની પણ ઘણી લેબોરેટરીઓ સારાકામ કરતી હોય છે? એટલે લેબોરેટરીના માલિકના વ્યવહાર પરથી કે અહીંયા ટેસ્ટ કરાવવો અથવા નહીં. ઘણી લેબોરેટરીવાળા રોજ થતાં કંટ્રોલ અને કેલિબ્રેશનમાં ટૂંકા રસ્તા અજમાવતા હોય છે. જે ટેસ્ટ ઓછા આવતા હોય તેના કંટ્રોલ રોજની જગ્યાએ અઠવાડિયે અથવા પંદર દિવસે કરતા હોય છે. અને બાકીના દિવસોના રિઝલ્ટ સાથે ચેડા કરતાં હોય છે. કારણ કે સસ્તુ પડે. અલ્યા... ડાહ્યા તે આ એક સ્કોપ કીધું આ સ્કોપ શું છે ? લેબોરેટરીમાં તો ૬૦૦-૭૦૦ કરતા વધારે ટેસ્ટ થતા હોય છે. એમાંથી અમુક જ ટેસ્ટ માટે NABL ની પરમીશન લેતા હોય છે. જેને સ્કોપ કહેવાય છે. તો હે, ડાહ્યા.... એવું કોઈ સર્ટીફીકેટ નથી જેમાં લેબોરેટરીના બધા ટેસ્ટ કરવા પડે? હા, CAP નામનું બીજું સર્ટીફીકેટ જે જેમાં લેબમાં થતાં તમામ ટેસ્ટ બતાવવા પડે તો જ CAP નું સર્ટીફીકેટ મળે પણ એમાં જ લેબોરેટરીવાળાની માનસિકતા સારા રિપોર્ટ આપવાની છે. એ તો બધા જ પેરામીટર પર ધ્યાન રાખતા હોય છે. પણ માનસિકતા ખરાબ હોય તો NABL અથવ CAPમાં પણ એસેસરને બુદ્ધુ બનાવવા વાત કરતા હોય છે. એટલે NABLની સાથે સારી રીતે સમજાવતી લેબોરેટરીમાં જ ટેસ્ટ કરાવવો.

- shraddhablood@gmail.com

# સિવિલ હોસ્પિટલ બોમ્બ બ્લાસ્ટના શહીદો, કારગિલ યોદ્ધાઓ, કોરોના યોદ્ધાઓને ભાવભીની શ્રધ્ધાંજલિ આપતા તબીબો





ગાંધીનગર, તા. ૨૬

૨૬ જુલાઈ ૨૦૦૮ આ દિવસે અમદાવાદમાં વિવિધ સ્થળોએ થયેલ બોમ્બ બ્લાસ્ટને કોઈ ભૂલાવી શકે તેમ નથી. એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલના હ્રદય સમા ટ્રોમા સેન્ટરમાં પણ બ્લાસ્ટ થયા હતા.હોસ્પિટલમાં બ્લાસ્ટ થયાનો ઈતિહાસમાં લગભગ પ્રથમ કિસ્સો હતો. લોકો હચમચી ગયા હતા.. પરંતુ બ્લાસ્ટની બીજી જ ક્ષણે તબીબો, સ્ટાફ મિત્રો સેવા-સુશ્રાષામાં લાગી ગયા હતા..

આજે આ બોમ્બ બ્લાસ્ટની ૧૨મી વરસી છે. સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ.જે.પી.મોદી, ખાસ ફરજ પરના અધિકારી ડૉ. એમ. એમ. પ્રભાકર, સિવિલના તબીબો, નર્સિંગ સ્ટાફ અને અન્ય સ્ટાફમિત્રો દ્વારા શહીદી વહોરેલા તમામ નરબંકાઓને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા..આ ગોઝારા દિવસને યાદ કરતા ઘણા તબીબોની આંખો અશ્રુ ભરેલી જોવા મળી હતી.

ટ્રોમા સેન્ટર બોમ્બ બ્લાસ્ટમાં સિવિલ હોસ્પિટલના રેસીડન્ટ ડૉ. પ્રેરક અને તેમના ગર્ભવતી પત્ની, અન્ય શહીદ થયેલા તબીબો, મેડિકલ તેમજ પેરામેડિકલ મળીને સિવિલ હોસ્પિટલના ૩૯ શહીદી વહોરેલા શૂરવીરોને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યા હતા..

આજના દિવસે લગભગ ૬૦ દિવસે ચાલેલા કારગિલ યુદ્ધમાં જંગના મેદાને ચઢેલા વીરોના બલિદાનથી વિજય હાંસલ થયો હતો. જેની આજે ૨૧મી વર્ષગાંઠ છે. સિવિલ તંત્ર દ્વારા માતૃભૂમિની રક્ષામાં સર્વસ્વ ન્યોછાવર કરનારા વીર જવાનોના બલિદાનને યાદ કરવામાં આવ્યા હતા. બધા તબીબો દ્વારા કારગિલ યોદ્ધાઓને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી..

કોરોનાની વ્યાપેલી મહામારીમાં સમગ્ર દેશના તબીબો, મેડીકલ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ , કોરોના વોરીયર્સ કે જેઓ દેશ પર આવી પડેલી આપદામાં દિવસ રાત જંગ લડી રહ્યા છે, સેવા-સુશ્રુષા કરી રહ્યા છે તેમના જુસ્સાને પણ બિરદાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં કોરોના ડ્યુટી દરમિયાન શહીદ થયેલ સ્ટાફમિત્રની કર્તવ્યનિષ્ઠાને, બલિદાનને બિરદાવીને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા.

બ્હીતાં બ્હીતાં જીવવું સાલુ ક્યાંથી ફાવે
સુક્ષ્મોને કરગરવું સાલુ ક્યાંથી ફાવે

મેલા ઘેલા હાથોને તો ઘસીયે ચાલો
ચોક્ખા ચહ્રને ઘસવું સાલુ ક્યાંથી ફાવે

ભેટા ભેટી, ધબ્બા ધબ્બી, હૂંફ વિનાનું
આઘે ઉભી હસવું સાલુ ક્યાંથી ફાવે

છત્તે રૂપે મોઢા ઉપર પડદો બાંધી
અંદરથી સમસમવું સાલુ ક્યાંથી ફાવે

મૌજુદા હાલાતે ભગવન્ સમજી શકીએ
તમને પણ અવતરવું સાલુ ક્યાંથી ફાવે.



શ્રી સોમનાથ મહાદેવને શ્રાવણ મહિનાના પાંચમાં દિવસે ઋષી દર્શન શૃંગાર કરવામાં આવ્યો હતો.

# ધારાસભ્યો અને પરિવારજનને હવે માંદા પડશે તો ૧૫ લાખ તો સરકાર તાત્કાલિક જ ચૂકવી દેશે

## સરકારી કર્મચારી કે સામાન્ય લોકોની ચૂકવણી ફાઈલોમાં અટવાય, વીવીઆઈપી માટે તિજોરી ખુલ્લી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસના ધારાસભ્યોએ એકબીજાના મેળાપીપળામાં પહેલા તો પગાર-ભથ્થા વધારી લીધા અને હવે પણ મંજૂર કરાવવો હોય તો કર્મચારી અને સામાન્ય નાગરિક માટે પારદર્શતાને નામે કારણો, ખર્ચના બિલો, તેના વેલ્યુએશનના પ્રમાણો સાથે નાણામંત્રીથી લઈને પરિવારના મેડિકલ ખર્ચ સંદર્ભે વર્ષ ૨૦૧૬ની નીતિ રદ કરી તાજેતરમાં નવો ઠરાવ પ્રસિદ્ધ કર્યો છે. જેમાં પ્રાઈવેટ હોસ્પિટલમાંથી રૂા. ૧૫ લાખથી સચિવ દ્વારા રૂા. ૧૫ લાખની તત્કાળ અસરથી ધારાસભ્યને ચૂકવે તેવી ગોઠવણ કરી દેવાઈ છે. એટલું જ નહીં, નવી વ્યવસ્થામાં તો રૂા. ૧૫ લાખ

### આખી પ્રક્રિયા બાયપાસ કરી દેવાઈ

વર્ષ ૨૦૧૫ના રાજય સેવા તબીબી સારવારના નિયમો હેઠળ અધિકારીઓની જેમ જ ધારાસભ્યોને પણ વર્ષ ૨૦૧૬થી પ્રાઈવેટ હોસ્પિટલના મેડિકલ ખર્ચ રિએમ્બર્સની પ્રક્રિયા અમલમાં હતી. જેમાં સરકારી હોસ્પિટલના અધિક્ષકના અભિપ્રાય સાથે વિધાનસભા સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ એમ ત્રણ સચિવોથી પસાર થતી ફાઈલને આરોગ્ય વિભાગમાં અધિક મુખ્ય સચિવ થઈને આરોગ્યમંત્રીથી મુખ્યમંત્રી સ્તરે મંજુરીની વિધિ છે. પારદર્શક જણાતી આ પ્રક્રિયામાંથી જે કાયમી છે તેવા ચીફ સેક્રેટરીને પણ પસાર થવું પડે છે પરંતુ પાંચ વર્ષ માટે ચૂંટાયા ધારાસભ્યો જાણે આકાશમાંથી અવતરેલા દેવસ્વરુપ હોય તેમ આખેઆખી પ્રક્રિયા જ બાયપાસ કરી દેવાઈ છે.

### બિલ મંજૂર કરી દેવાશે !

નવા ઠરાવમાં ધારાસભ્ય અને તેમના પરિવારને મેડિકલ સારવાર પેટે રૂા. ૨ લાખ સુધીનો ખર્ચ સચિવ સ્તરે મંજૂર કરવા આદેશ કર્યો છે. એટલું જ નહીં રૂા. ૪ લાખ સુધીનો ખર્ચ થાય તો આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવની મંજૂરી બાદ વિધાનસભા, વૈધાનિક સંસદીય બાબતો, સામાન્ય વહીવટ દ્વારા પેમેન્ટ થઈ જશે ! તેથી વધુ પરંતુ, રૂા. ૧૦ લાખ સુધી આરોગ્ય મંત્રી અને રૂા. ૧૦ લાખથી વધુના બિલને મુખ્યમંત્રી સ્તરેથી મંજુરી આપવાનું નક્કી થયું છે. એક તરફ આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટના કર્મચારીઓને રૂા. ૭૫૦૦ નો પગાર ત્રણ મહિને પણ મળતો નથી ત્યારે આવા વિકેન્દ્રીકરણથી પાંચ વર્ષ માટે ચૂંટાતા ધારાસભ્યો માટે સરકારે જાણે દલા તરવાડીનું ખેતર હોય તેવી વ્યવસ્થા ઊભી કરી દેવાઈ છે.

પ્રાઈવેટ હોસ્પિટલમાં પોતાના પરિવારના સભ્યની સારવારનું બિલ રૂા. ૧૫ લાખથી વધારે હોય તેવા કિસ્સામાં વિધાનસભા સચિવને તત્કાલ રૂા. ૧૫ લાખ ચૂકવવા આરોગ્ય વિભાગે આદેશ કર્યો છે.

સરકારમાંથી એક રૂપિયો મુખ્યમંત્રી સુધી મહિનાઓ સુધી ફાઈલો અટવાયેલી રહે ઓછે. પરંતુ, વીવીઆઈપી માટે નાગરિકોના ટેક્સ જમા થાય છે તે સરકારની તિજોરી ખુલ્લી મુકાય છે. આરોગ્ય વિભાગે ધારાસભ્યો અને તેમના વધુ સારવાર ખર્ચને રિએમ્બર્સ કરવા માટે નવી વ્યવસ્થા ઊભી કરાઈ છે. જેમાં પ્રાઈવેટ હોસ્પિટલના અધિકૃત ડૉકટરની સહી સાથેનું બિલ ચીફ ડિસ્ટ્રિક્ટ મેડિકલ ઓફિસર પ્રમાણ કરે એટલે તુરંત જ વિધાનસભાના ચૂકવાઈ ગયા પછી જેટલો પણ ખર્ચ થયો હોય તેની સાથે દરખાસ્ત કરવા કહેવાયું છે, આ દરખાસ્તની ફાઈલને સચિવ, અધિક મુખ્ય સચિવથી લઈને આરોગ્યમંત્રી અને મુખ્યમંત્રી સ્તરેથી મંજુરી મળશે.

# લવારપુરમાં મેડિકલ સાધન સેવાનો શુભારંભ




ચિલોડા, તા. ૨૬

પાટનગર ગાંધીનગર શહેર નજીક આવેલ લવારપુર ખાતે વિનામૂલ્યે પટેલ ડાહીબેન પુરુષોત્તમ ગિરધરદાસ તથા સમસ્ત લવારપુર ગ્રામજનો તરફથી આરોગ્ય સાધન સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રામજી મંદિર પાસે આવેલા આ કેન્દ્રમાં મેડિકલ પલગં, વ્હિલચેર, વૉકર, સ્ટીક, નેબ્યુલાઈઝર, એનીમીયા કીટ તથા ફિઝીયો થેરાપી સાધનો અને ટોઈલેટ ચેરની વિના મૂલ્યે સેવા પુરી પાડવામાં આવશે. સેવા કેન્દ્રનો આસપાસના ગ્રામ્યવિસ્તારના લોકોને લાભ લેવા જણાવાયું છે.

# રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સુપર સોશિયલ સિક્યુરીટી સ્કીમ (SSSS) અંગે સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૬

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સુપર સોશિયલ સિક્યુરીટી સ્કીમ અંગેનો સેમિનાર તાજેતરમાં યોજવામાં આવ્યો.

આ સેમિનારમાં અમદાવાદથી રોટે. કપિલભાઈ ભાવસાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ યોજના વિશે ઉપસ્થિત રોટરીયન સદસ્યોને ખૂબ જ ઝીણવટભરી માહિતી રજૂ કરેલ. તમામ પાસાઓની છણાવટ કરતાં SSSSનું યોગદાન દરેક રોટરીયનના જીવનમાં અને ખાસ કરીને આર્થિક રીતે નબળા સદસ્યો માટે તો આ ખૂબ જ મહત્વનું પરિબળ બની રહે છે તેમ સમજાવ્યું હતું. તેઓએ ઉપસ્થિત રોટરીયન દ્વારા આ યોજના અંગેના પ્રશ્નોનું પણ નિરાકરણ આપેલ. તેઓએ દરેક રોટરીયનને આ યોજનામાં જોડાવા ખાસ અપીલ કરી હતી.

સોશિયલ ડીસ્ટન્સ જાળવીને સરકારની કોવિડની ગાઈડલાઈન મુજબ હોટલ કંસાર ખાતે યોજવામાં આવેલ આ સેમિનારમાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન સુશ્રી મીતાબેન ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમની સફળતામાં ખૂબ જ યોગદાન આપ્યું હતું.

# જન્મદિને વધામણી



અશોકભાઈ જે શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩



હરિભાઈ એન ચૌહાણ
મો. ૮૮૬૬૨ ૬૨૭૩૮



હરકાંતભાઈ અનંતપ્રસાદ ભટ્ટ
મો. ૯૪૨૭૬ ૨૪૦૪૮



પ્રકાશ એમ ગુરુબક્ષાણી
મો. ૯૪૨૭૩ ૩૫૧૬૯



ઈન્દ્રજિતસિંહ એસ રાઠોડ
મો. ૭૯૮૪૯ ૯૮૬૫૯



સુભાષચંદ્ર એસ નાયી
મો. ૯૭૩૭૧ ૯૪૧૪૭



જય રાજુલ ભટ્ટ
મો. ૯૦૩૩૮ ૬૨૬૫૪




વસિષ્ઠસિંહ વાઘેલા
મો. ૯૯૦૪૧ ૩૫૩૨૦



જયુભા મહાવીરસિંહ રાણા
મો. ૯૫૩૭૭ ૫૩૭૩૪



વિશ્રમ વિવેક રાવલ



રીયા રાજેશભાઈ પટેલ